

✽ હે જીવો ! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો ! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્મા જાણો !

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૧૬) ✽ આત્મધર્મ ✽ (અંક-૮ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૫

રાજકોટના શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવારયુવકમંડળ ટ્રસ્ટ દ્વારા આયોજિત

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વમહિમાનો મંગલ-મહોત્સવ

સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

# ૬૩ મો

# 卐 સમ્યક્ત્વજયંતી-મહોત્સવ 卐

[ તા. ૨૨-૩-૯૫ થી તા. ૨૬-૩-૯૫ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૩મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવાર–યુવકમંડળ ટ્રસ્ટ (રાજકોટ) તરફથી તા. ૨૨–૩–૯૫, બુધવારથી તા. ૨૬–૩–૯૫, રવિવાર, ફાગણ વદ–૧૦ —પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ વિડિયો-ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, દેવ-ગુરુ-ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

નિમંત્રક—

હીરાલાલ અમૃતલાલ મહેતા,

પ્રમુખ—શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવારયુવકમંડળ ટ્રસ્ટ, રાજકોટ

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૮
[ ૬૧૬ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
FAB.
A. D. 1995

# 卐 બહિરાત્માનું સ્વરૂપ 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૫૬ ]

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેના પ્રથમ અધિકારની ૮૦મી ગાથા લઈએ.

મિથ્યાત્વ પરિણામથી બહિરાત્મા જે કર્મજનિત ભાવોને પોતાના માને છે તે પોતાના નથી એવા ભાવોને પાંચ દોહાસૂત્રમાં કહે છે.

જુઓ ! આમાં કર્મજનિત ભાવ ઉપર વજન નથી પણ મિથ્યાત્વ પરિણામ ઉપર વજન છે. કારણ કે મિથ્યાત્વ પરિણામથી જીવ તે ભાવોને પોતાના માને છે. ખરેખર સમ્યક્ પરિણામ વડે જીવે પરના ભાવને પરના જાણવા જોઈએ પણ સમ્યક્ પરિણામ નથી તેથી મિથ્યાત્વભાવથી બહિરાત્મા શરીરના રંગ, સ્પર્શાદિ ગુણોને પોતાના માને છે તે તેની બહિરાત્મબુદ્ધિ છે.

કાળાપણું, ગોરાપણું, રાતાપણું, રોગીપણું કે નીરોગીપણું એ બધી કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી શરીરની અવસ્થાઓ છે. તેને જીવ પોતાની માને છે અને એ જ રીતે બીજા આત્માને પણ તેના સંયોગમાં રહેલા શરીરરૂપ જ માને છે એ તેની બહિરાત્મબુદ્ધિ છે. આવા અભિપ્રાયવાળી પાંચ ગાથા કહેશે.

हउँ गोरउ हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु ।
हउँ तणु अंगउँ थूलु हऊँ एहउँ मूढउ मण्णु ॥ ८० ॥

જુઓ! **મૂઢઙ મણ્ણુ** એ શબ્દ ઉપરથી એ ભાવ નીકળે છે કે પોતાના મિથ્યાત્વ-ભાવથી જીવ શરીરની અવસ્થાને પોતાની માને છે. દર્શનમોહ કર્મ તેને શરીરની અવસ્થા પોતાની મનાવે છે એમ નથી. હું શુદ્ધ વીતરાગ જ્ઞાનાનંદ એક સ્વભાવી આત્મા છું એવી દૃષ્ટિ અને અનુભવ નહિ કરતાં મિથ્યાદૃષ્ટિ શરીરની કાળી–ધોળી અવસ્થાવાળો જ પોતાને માને છે કે હું રૂપાળો છું અથવા હું કાળો છું. વળી હું બીજાંથી રૂપાળો છું એમ કરીને પોતાની અધિકાઈ માને છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આત્મા જણાય છે પણ સમ્યગ્દર્શનાદિની પર્યાય તો નથી અને તેનાથી વિપરીત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રની પર્યાય છે તે વડે અજ્ઞાની જીવ શરીરને જ આત્મા માને છે અથવા તો શરીરના હોવાપણાથી પોતાનું અસ્તિત્વ માને છે. આત્માથી ભિન્ન—બહારની પર્યાયમાં હુંપણું માને છે માટે તે જીવને બહિરાત્મા કહેવાય છે.

બહિરાત્મા મૂઢ જીવ આ રીતે અનેક અવસ્થાઓરૂપ પોતાને માને છે કે હું તો પહેલેથી જ બહુ દૂબળો છું, મારી કાઠી પાતળી છે. અથવા મારું શરીર જાડું છે—હું જાડો છું એમ જડના જાડાપણાથી પોતાને જાડો માને છે. બહિરબુદ્ધિ જીવ બહિર પર્યાયને પોતાની માને છે. તેથી આચાર્યદેવ કહે છે આવા જીવને મૂઢ જાણો. ભલે તે બાહ્યથી ત્યાગી, મુનિ કે વ્રતીના વેષધારી હોય પણ બહારથી પોતાની અધિકાઈ માનતો હોય તો તે મૂઢ જ છે.

આંખની સુંદરતા, નાકની નમણાઈ, કુંડલ જેવા કાન વગેરેમાં હુંપણાનું સૂક્ષ્મ શલ્ય રહે છે તે પણ સર્વથા ત્યાજ્ય છે. જેને પોતાના જ્ઞાનસ્વભાવ સાથે કાંઈ સંબંધ નથી એવા શરીરના પરિણામને તું મારાં માનવાનું છોડ...છોડ...છોડી દે. તેના દ્રવ્ય ગુણ તો દેખાતાં નથી પણ પર્યાય દેખાય છે તેને મારી ન માન.

ક્ષણે ક્ષણે થતાં મિથ્યાપરિણામની સ્થિતિનું આ વર્ણન છે. એક બાજુ ભગવાન આત્મા સર્વપ્રકારે ઉપાદેયભૂત છે અને આત્માના સ્વરૂપથી વિપરીત મિથ્યાત્વપરિણામ છે તે સર્વપ્રકારે ત્યાજ્ય છે. અહીં 'સર્વપ્રકારે' કહેતાં એકાંત થતું નથી. પણ એ જ અનેકાંત છે. તો પ્રશ્ન થાય કે આત્મા કેવો છે અને કેવી રીતે ઉપાદેય થઈ શકે? તો આચાર્યદેવ કહે છે કે આત્મા વીતરાગ નિત્ય જ્ઞાનાનંદસ્વભાવી એક શુદ્ધ વસ્તુ છે તે જ સર્વપ્રકારે ઉપાદેય કરવા યોગ્ય છે. તે કયારે ઉપાદેય થાય?—કે સમ્યગ્દર્શનના કાળે જ આત્મા ઉપાદેય થઈ શકે છે. મિથ્યાત્વ પરિણામમાં આત્મા ઉપાદેય થઈ શકતો

નથી. કેમ કે, મિથ્યાત્વ પરિણામમાં તો ક્ષણે ક્ષણે તે દેહની દશાને ઉપાદેય માની રહ્યો છે.

આત્મા સર્વપ્રકારે ઉપાદેય એટલે કે આરાધવાયોગ્ય, સેવવાયોગ્ય છે. કથંચિત્ પ્રકારે આત્મા ઉપાદેય અને કથંચિત્ શરીર ઉપાદેય છે એમ નથી. શરીર, વાણી, ઇન્દ્રિય અને મન આદિ અજીવતત્ત્વ છે અને પુણ્ય-પાપના વિકલ્પ તે આસ્રવતત્ત્વ છે તે બન્નેથી ભિન્ન આત્મા પોતે નિર્દોષ વીતરાગસ્વરૂપ જીવતત્ત્વ છે. વર્તમાનમાં જ આત્મા વીતરાગ છે. વિકલ્પના રાગ વિનાનો છે માટે આત્મા વીતરાગ છે, ચિદાનંદ છે, શાંતરસનો પિંડ છે.

આત્માને વીતરાગ કહીને તેની નિર્દોષતા સિદ્ધ કરી છે. આવો આત્મા વીતરાગ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. વળી જેમ વસ્તુ નિત્ય છે તેમ તેનો આનંદ પણ નિત્ય છે વસ્તુ પોતે આનંદમય છે. આત્મા અરૂપી છે માટે દેખાતો નથી એટલે એ કાંઈ વસ્તુ જ નથી એમ નથી. એ વસ્તુ તો અતીન્દ્રિય આનંદનું દળ છે, રસકંદ છે. વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવી આ શુદ્ધ જીવ તે જ આત્મા છે. અલ્પજ્ઞ પર્યાય તે પણ આત્મા છે એ વાત અહીં નથી. પર્યાયની અલ્પદર્શિતા, અલ્પજ્ઞતા, અલ્પવીર્યતા આદિ વ્યવહારઆત્મા છે. તે અભૂતાર્થ છે. દ્રવ્ય-પર્યાય બન્ને થઈને એક આત્મા છે એમ પ્રમાણજ્ઞાનમાં આવે છે પણ નિશ્ચયથી તો ત્રિકાળી દ્રવ્ય તે જ આત્મા છે.

ભગવાન આત્મા તો નિર્દોષ આનંદનું દળ છે. પુણ્ય-પાપના વિકલ્પથી એ રહિત છે માટે નિર્દોષ છે. નિત્ય નિર્દોષ છે માટે તેમાં જે એકાગ્ર થાય તેની પર્યાયમાં આનંદ જ ઝરે. જેવો અતીન્દ્રિય આનંદ અરિહંત અને સિદ્ધને પર્યાયમાં પ્રગટ છે તેવો જ અતીન્દ્રિય આનંદ દરેક જીવમાં રહેલો છે. અહીં આનંદગુણની પ્રધાનતાથી બધી વાત લીધી છે કેમ કે જગતને આનંદ અને સુખ જોઈએ છે ખરેખર બીજું કાંઈ જોઈતું નથી. તેથી આચાર્યદેવ કહે છે પ્રભુ! તું તો નિત્ય આનંદમય છો. તું કદી આનંદથી રહિત થયો જ નથી.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના પરિણામ વડે આવો વીતરાગ નિત્યાનંદ એક-સ્વભાવી શુદ્ધ જીવ જ આરાધવાયોગ્ય છે. આત્માની આરાધના કરવી તેનું નામ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. હવે આમાં લૌકિક સેવા કરવાનું તો ન રહ્યું પણ અરિહંતાદિની સેવા પણ ન આવી. કારણ કે શરીરની અવસ્થા જ જ્યાં જીવમાં નથી તો શરીરની અવસ્થા વડે સેવાની કે બીજી કોઈ ક્રિયા આત્મા કેવી રીતે કરે! અરે,

અરિહંતાદિની સેવા અર્થાત્ ત્રણ લોકના નાથ પ્રત્યેના વલણવાળો ભાવ એ પણ રાગભાવ છે માટે પરમાર્થે તેનું આરાધન-સેવન પણ કરવાયોગ્ય નથી. પરમાર્થે આરાધન કરવાયોગ્ય હોય તો એક સ્વભાવી નિત્યાનંદ નિજપ્રભુ જ છે માટે તેને દૃષ્ટિમાં લઈ તેમાં એકાગ્રતા કરવા લાયક છે.

...પણ ભગવાને દયા, દાન, વ્રત, તપાદિને ધર્મ કહ્યો છે ને! ભાઈ! ભગવાને તેને વ્યવહારધર્મ કહ્યો છે. વ્યવહારધર્મ એટલે ધર્મ નથી પણ પુણ્યભાવ છે એ પણ ભગવાને જ કહ્યું છે. એ પણ જેને નિત્યાનંદ નિજ પ્રભુ નિશ્ચયથી ઉપાદેય-આદરણીય થયો છે—અંતર્દૃષ્ટિમાં જેને ભગવાન આત્મા નિશ્ચય પરિણામમાં આદરણીય થયો છે તેને બાકી રહેલાં શુભરાગને વ્યવહારધર્મ ભગવાને કહ્યો છે. જેને નિશ્ચયધર્મ પ્રગટ થયો નથી તેના શુભરાગને તો વ્યવહાર પણ કહેવાતો નથી.

દેહની હલન-ચલનની ક્રિયાઓ, વાણીની અવસ્થાઓ વગેરે બધી અવસ્થાઓ શુદ્ધજીવથી તદ્દન જુદી ચીજ છે તોપણ જે પુરુષ વિષય-કષાયને આધીન થઈને શરીરના ભાવોને પોતાના માને છે તે પોતાની શુદ્ધાત્માનુભૂતિથી રહિત એવા મૂઢાત્મા છે. પાઠમાં શબ્દ છે—शुद्धजीवे यो योजयति । એટલે કે જે જીવમાં નથી એવી શરીરની અવસ્થાને જીવમાં જોડે છે અને જે જીવની અવસ્થા છે તેને તોડે છે. ભગવાન આત્માને તો કાયમ નિત્યાનંદઅતીન્દ્રિયઆનંદનો સંબંધ છે તેને મૂઢ આત્મા તોડે છે કે એ મારામાં કાંઈ નથી અને શરીરાદિની અવસ્થા જે ખરેખર આત્માથી ભિન્ન છે તેને આત્મામાં જોડે છે એટલે કે આ મારી અવસ્થા છે એમ માને છે.

વીતરાગ નિર્દોષસ્વરૂપ આત્મા તો જિનબિંબ છે તેને વશ થયેલાં પરિણામ તો શુદ્ધ હોય. તે તો સમ્યક્‌પરિણામ કહેવાય પણ તેને વશ નહિ થતાં આત્મામાં જે નથી એવા શરીરના પરિણામમાં મૂઢાત્મા પોતાને જોડે છે કે આ મારી અવસ્થા છે. હું શરીર અને શરીરના ગુણોમય છું એવું તેને પરવશપણું થઈ ગયું છે. મૂઢજીવને પરવશતામાં કેવી કેવી દશા થાય છે તે અહીં બતાવી છે.

આત્મવસ્તુ તો કાયમ આનંદની થપ્પીથી ભરેલો ભગવાન છે. જેમ વખારમાં માલની થપ્પી પડી હોય છે તેમ આત્મામાં કાયમ જ્ઞાન ને આનંદની થપ્પીઓ ભરી પડી હોય છે. માલની થપ્પી તો એક પછી એક રહેલી હોય અને આત્મામાં તો ગુણો એક સાથે રહેલાં છે. એક જ ક્ષેત્રમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ આદિ અનંતગુણો અભેદપણે રહેલાં છે. એ એક એક ગુણમાં અનંતી પર્યાય વસેલી છે. એટલે કે એક જ્ઞાનગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાય રહેલી છે અર્થાત્ અનંતા કેવળીપરમાત્મા એક ગુણમાં

રહેલાં છે. એ રીતે અનંત ગુણોમાં અનંતી પર્યાયનું સામર્થ્ય ભરેલું છે.

વીતરાગ નિત્યાનંદ એક સ્વભાવ નિજ શુદ્ધાત્મામાં પરિણામ જોડીને આ જ હું છું...આ જ હું છું એમ થવું જોઈએ. તેને બદલે કલ્પનાથી પરની અવસ્થાને આ મારામાં છે એમ એકત્વ કરે છે. કેમ એકત્વ કરે છે કે શુદ્ધાત્માનુભૂતિથી રહિત છે માટે પરમાં એકત્વ કરે છે. તેનો પણ આત્મા તો એવો ને એવો જ છે. જેમ આઠ વર્ષનું બાળક હો કે સો વર્ષના વૃદ્ધ હો બંને માણસ તરીકે સમાન છે તેમ સ્થૂળ શરીર હો કે પાતળું શરીર હોય પણ તેના આત્મામાં કાંઈ ફેર નથી.

અનુભૂતિ એટલે સ્વરૂપને અનુસરીને નિર્મળ અનુભૂતિ થવી—નિર્વિકાર અનુભવ થાય તેને અનુભૂતિ કહેવાય છે. જ્ઞાનનું જ્ઞાનથી વેદાવું, આનંદનું આનંદથી વેદાવું તે અનુભવ—અનુભૂતિ છે. વીતરાગ નિત્યાનંદ સ્વભાવ તે જીવદ્રવ્ય અને આ તેના નિર્મળ પરિણામ તે સંવર અને નિર્જરાતત્ત્વ છે. અને પરની અવસ્થાને પોતાની માને છે એવા જે વિકારી પરિણામ છે તે આસ્રવ અને બંધતત્ત્વ છે.

શુદ્ધજીવને ઉપાદેય બનાવીને જે શુદ્ધાત્માનુભૂતિ થાય છે તે નિર્મળપર્યાય છે—મોક્ષમાર્ગ છે અને તેનાથી વિપરીત પરને મારાં માનીને જે મલિનપર્યાય થાય છે તે બંધમાર્ગ છે. શરીરાદિ જડ છે તેને પોતાના માને છે તે અજ્ઞાની છે એ બતાવીને સાથે શરીરાદિનું અસ્તિત્ત્વ છે એ પણ સિદ્ધ કર્યું છે. વેદાંતની જેમ 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા' એમ નથી. શરીરાદિ જડ વસ્તુ છે તેને પોતાના માનનારી વિકારી પર્યાય પણ છે, તેનાથી વિપરીત સ્વમાં એકત્વ કરનારી નિર્મળ પર્યાય પણ છે અને શુદ્ધાત્મ દ્રવ્ય પણ છે એમ નવેય તત્ત્વની અહીં સિદ્ધિ કરી છે. આ બધી નવતત્ત્વની જ રમત છે. સમયસાર એ અશરીરીતત્ત્વને બતાવનારું વાચક છે. તેથી જ તો ૧૯૭૮ની સાલમાં પહેલીવાર સમયસાર મળ્યું તે વાંચીને કહ્યું હતું કે 'આ તો અશરીરી શાસ્ત્ર છે.'

'હું આત્મદ્રવ્ય છું' મારી નિર્મળ પરિણતિ થાય તે સંવર અને નિર્જરાતત્ત્વ છે અને પૂર્ણ નિર્મળતા થાય તે મોક્ષતત્ત્વ છે. જે મિથ્યાત્વભાવમાં સ્વને ભૂલી પરને પોતાનું મનાય છે તે મિથ્યાત્વભાવ જ આસ્રવ અને બંધતત્ત્વ છે. અને શરીરાદિ તે અજીવતત્ત્વ છે આમ આ નવતત્ત્વનું વર્ણન જેમાં છે તે સમયસાર શાસ્ત્ર છે.

'શુદ્ધાત્માનુભૂતિથી રહિત થયો થકો જીવ મૂઢાત્મા છે' એમ શબ્દ છે તો શું પહેલા શુદ્ધાત્માની અનુભૂતિ હતી અને તેને છોડીને અશુદ્ધ થયો છે એમ છે? ના, એમ નથી પણ ખરેખર આત્માની અનુભૂતિરૂપ જ તેની પર્યાય હોવી જોઈએ પણ તેને પ્રગટ ન કરતો અનાદિથી જીવ તેનાથી ચ્યુત જ છે. અરે! વીતરાગે કહેલાં

તત્ત્વો તેણે જાણ્યા નથી. શ્રીમદ્દજી કહે છે ને, હે પ્રભુ ! આપે કહેલાં તત્ત્વને મેં જાણ્યા નહિ, આપે કહેલાં દયા, શીલ ને સંયમને ઓળખ્યા નહિ...

સ્વશુદ્ધાત્મા-નિત્યાનંદ આત્માની અનુભૂતિ આઠ વર્ષની બાલિકા પણ કરી શકે છે. કેમ કે આત્મા કયાં બાળક છે ! આત્માને કાળની મર્યાદા જ નથી. આત્મા તો નિત્ય આનંદસ્વરૂપ છે. આત્માને કે તેના આનંદને કાળની મર્યાદા નથી. એવા પોતાના નિત્યાનંદ ભગવાન આત્માની અનુભૂતિથી પોતે જ ચ્યુત થયો છે. તેમાં કોઈનો વાંક નથી. 'ભગવાને જોયું હોય ત્યાં સુધી આપણે ભ્રષ્ટ જ રહીએ ને !' એમ કહેનાર ભગવાનને ઓળખતો જ નથી. ભગવાનના કેવળજ્ઞાનનો સ્વીકાર આત્માની અનુભૂતિ વગર થાય જ નહિ. કેમ કે પોતાની મોક્ષપર્યાયના સ્વીકાર વિના ભગવાનની મોક્ષપર્યાયનો સ્વીકાર થાય જ નહિ અને પોતાની મોક્ષપર્યાયનો સ્વીકાર પોતાના દ્રવ્યના સ્વીકાર વિના થાય જ નહિ. આવી શુદ્ધાત્માની અનુભૂતિથી ચ્યુત જીવ પોતે જ મૂઢાત્મા થાય છે તેનો કર્તા પોતે છે. કર્મનો વાંક નથી. કર્મ તો જડ છે પ્રભુ ! તારી જેવી જાત છે એવી ભાત પડવી જોઈએ પણ પડતી નથી માટે એ ભાતથી ભ્રષ્ટ થયેલો તું જ તારી મૂઢતાને ઊભી કરે છે.

આગળ હજુ મૂઢાત્માના લક્ષણ કહે છે.

हउँ वरु बंभणु वइसु हउँ हउँ खत्तिउ हउँ सेसु ।
पुरिसु णउँसउ णत्थि हउँ मण्णइ मूढु विसेसु ॥ ८१ ॥

મિથ્યાદૃષ્ટિ પોતાની ઊંધી માન્યતાને વશ એમ માને છે કે, હું સૌથી શ્રેષ્ઠ બ્રાહ્મણ છું, હું વણિક છું, હું ક્ષત્રી છું અથવા હું હલકો શૂદ્ર છું. પણ પ્રભુ ! આત્મા બ્રાહ્મણ કેવો ! બ્રાહ્મણ તો શરીર છે. તેની અધિકતાથી પોતાને બ્રાહ્મણ મનાવે છે. જે જાતમાં જન્મે એ રૂપ પોતાને માને છે પણ તું બ્રાહ્મણ કે વાણિયાનો દીકરો નથી. ભગવાન આત્મા તો પરમાનંદ નિર્દોષ સ્વભાવથી ભરેલી વસ્તુ છે. છતાં योजति એટલે જેવા રૂપે પોતે નથી એવા બ્રાહ્મણ આદિ જડની અવસ્થામાં પોતાને હઠપૂર્વક જોડવા માગે છે પણ એ નહિ બને.

જેમાં જે નથી એમાં પરાણે સંબંધ જોડે છે અને વસ્તુમાં જે છે તેનાથી સંબંધ તોડે છે આ કેવી મૂઢતા ! મારે તો ત્રિકાળ જ્ઞાન ને આનંદ સાથે સંબંધ છે એવી તને શ્રદ્ધા હોવી જોઈએ, એવું જ જ્ઞાન હોવું જોઈએ. તેના બદલે શરીર અને સંયોગ સાથે સંબંધ જોડે છો એ તો મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન છે. પોતાના શ્રદ્ધા જ્ઞાનમાં શાંતિ...શાંતિ હોવા જોઈએ તેના બદલે શ્રદ્ધા-જ્ઞાનમાં ખોટી માન્યતાના રંગ

ચડી ગયા છે. હું વાણિયો અને આ બધાં પણ વાણિયા છે એ તારી દૃષ્ટિ મૂઢ છે.

હું ક્ષત્રિય છું હો, મારી સામે પડતાં ધ્યાન રાખજો. એ કયાંથી લાવ્યો ભાઈ! ભગવાને તો તને નિર્દોષ આનંદનો કંદ જોયો છે. તેને તું ન જો? ભગવાને જેવો જોયો એવો તું તને ન જો? ઉલટો અમે તો વાણિયાની જાતના અને અમે તો રજપૂત અને અમે તો ચંડાલ એટલે અમારે તો બધાંની સેવા જ કરવાની એમ શરીરના સંયોગ અનુસાર જુદી જુદી જાતની માન્યતા કરે છે ભાઈ! એ કોઈ જાત-નાત આત્મામાં નથી.

અજ્ઞાની માને છે કે હું પુરુષ છું, હું સ્ત્રી છું અથવા હું નપુંસક છું ભાઈ! આ પુરુષ, સ્ત્રી કે નપુંસકનો શરીરનો આકાર દેખાય છે એ તો રોટલી, દાળ, ભાત, શાકનું બનેલું ઢીંગલું છે. એ શરીર તો તું નહિ પણ એવા ત્રણ પ્રકારના વેદ પણ તારામાં નથી. શરીરની સાથે તારે કાંઈ સંબંધ નથી તેને તું 'योजयति' યોજે છો પણ યોજનામાં એમ નથી.

ત્રણકાળ ત્રણલોકમાં આત્મા પુરુષ નથી, સ્ત્રી નથી...આત્મા જ્ઞાનાનંદનો કંદ છે. આત્મામાં પુરુષવેદ કે સ્ત્રીવેદ પણ નથી. તેને વિકારવાળો કહેવો કે યોજવો એ મિથ્યાપરિણામ છે. બે ભાગલાં જ છે એક તરફ જડ અને વિકારનો ભાગ અને એક તરફ પરમાત્માનો ભાગ છે. આ પરમાત્માનો ભાગ તારો છે તેને છોડીને પેલા ભાગને પોતાનો માને છે તે ખોટું થાય છે ભાઈ!

નારકીના શરીર નપુંસક હોય છે. અહીં પણ કોઈના શરીરની આકૃતિ એવી હોય તેથી શું! આત્મામાં કયાં એ આકૃતિ છે! આત્મા તો એ આકૃતિ અને તેના યોગ્ય વિકારથી પણ રહિત છે. છતાં પોતાને અથવા બીજાંને નપુંસક માને તે મિથ્યાદૃષ્ટિ છે. જે નથી તેને પરાણે જોડે છે એ મૂઢતા છે. સ્ત્રીના અવયવોવાળી હું સ્ત્રી છું, આ પુરુષ છે એમ શરીરની જડદશાને મૂર્ખ પોતાની દશા માને છે.

આ તો મિથ્યાત્વનાં ભિન્ન ભિન્ન લક્ષણોનું વર્ણન છે.

ભગવાન આત્મા તો કાયમી અતીન્દ્રિયઆનંદનો પૂંજ છે. જ્ઞાનરસનો પિંડ છે. એવા આત્માની અનુભૂતિથી તેને માનવો તે ધર્મ છે અને તેનાથી વિપરીત અનુભૂતિ તે અધર્મ છે. આ અધર્મપરિણામથી જીવ ચારગતિમાં રખડી રહ્યો છે. [ ક્રમશઃ ]

# □ અહો ! આત્મા તો સિદ્ધગિરિ છે □

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૩ )

શ્રી નાટક સમયસારના અજીવદ્વારના ચોથા પદ્યનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ:—ચૈતન્ય, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ આત્માના અનંતગુણ છે અને આત્માના ગુણો સિવાય સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે શબ્દ, પ્રકાશ, તડકો, ચાંદની છાયો, અંધકાર, શરીર, ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ તથા કામ, ક્રોધ, લોભ, માયા આદિ જે કાંઈ ઇન્દ્રિય અને મનગોચર છે તે બધું પૌદ્ગલિક છે.

ભગવાનઆત્મા અનંતગુણસ્વરૂપ છે. ચૈતન્ય, જ્ઞાન, દર્શનાદિ આત્માના ગુણો છે પણ જે આ સ્પર્શ, રસાદિ તથા ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ આદિ થાય છે તે આત્માના ગુણો નથી એ તો જડની અવસ્થા છે. માટે તે જડ જ છે તેમાં જીવનું કાંઈ નથી. શ્વાસની ક્રિયા કરવી તે પણ આત્માના અધિકારની વાત નથી. અજીવમાં જીવની સત્તા બિલકુલ નથી.

જીવ અધિકારમાં જીવમાં શું શું છે તે બતાવ્યું અને અહીં અજીવ અધિકારમાં જીવમાં શું શું નથી એ બતાવે છે. જીવતત્ત્વ બધાંથી જુદું છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. શરીરનું અસ્તિત્વ જીવથી ભિન્ન છે. શરીર, ભાષા, મન આદિ બધું અજીવ છે. અજીવની હયાતિમાં જીવની હયાતિ નથી અને જીવની હયાતિમાં અજીવની હયાતિ નથી. જીવની હયાતિમાં તો જ્ઞાન, દર્શનાદિ અનંતગુણો રહેલાં છે.

દરેક દ્રવ્યના અસ્તિત્વ જ જુદાં છે ત્યાં કોણ કોનું કરે ? શરીર, વાણી, મન આદિને તો આત્મા ન કરે પણ ક્રોધ, માન, માયા, લોભાદિ પરિણામ પણ ઇન્દ્રિય અને મનગોચર હોવાથી પૌદ્ગલિક છે. તેને આત્મા કરતો નથી. આત્મામાં તો જ્ઞાન, દર્શન અને આનંદ ભરેલાં છે, આત્મામાં ક્રોધ, માનાદિ પરિણામ ભરેલાં નથી. આત્મામાં ભાષા, મન આદિનું પરિણમન થવાયોગ્ય નથી.

પ્રશ્ન:—ક્રોધ, માનાદિ પરિણામ તો જીવમાં થાય છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—પ્રશ્ન બરાબર છે. જીવની પર્યાયમાં ક્રોધ, માનાદિ ભાવ થાય છે પણ જીવદ્રવ્યમાં કે જીવના ગુણોમાં થતાં નથી. જીવની પર્યાયમાં અજ્ઞાનના કારણે એવી અશુદ્ધદશા થાય છે પણ એ જીવનો સ્વભાવ નથી. જીવનું પરિણમન તો જાણવા-

દેખવારૂપે થાય એવો જીવનો સ્વભાવ છે, રાગ-દ્વેષરૂપે થવાનો જીવનો સ્વભાવ નથી. પર્યાયબુદ્ધિમાં અજ્ઞાનભાવે વિકાર કરે છે તે ચૈતન્યની અશુદ્ધદશા છે, સ્વભાવ નથી. સ્વભાવનો અનાદર કરીને થયેલા ભાવ છે. માટે જીવસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ જીવનું કાર્ય નથી.

શરીર, વાણી, મન અને વિકલ્પો આ ચૈતન્યસાગરને અડતાં નથી. ક્રોધ, માન, કામ, લોભ આદિ પરિણામ અચેતન છે. પૌદ્ગલિક છે, મન અને ઇન્દ્રિયગમ્ય છે તે ચૈતન્યસમુદ્રને અડયાં નથી.

ચૈતન્યના ચૈતન્યભાવને દૃષ્ટિમાં લ્યે અને અન્ય સર્વ અચેતનભાવોને દૃષ્ટિમાંથી છોડી દે તેણે જ ચૈતન્યને માન્યો કહેવાય તેને આત્મજ્ઞાન થયું કહેવાય છે.

હવે ચોથો કળશ અને ૫ મું પદ્ય આવે છે તેમાં કવિ આત્મજ્ઞાનનું પરિણામ બતાવે છે.

जब चेतन संभारि निज पौरुष,
निरखै निज दृगसौं निज मर्म ।
तब सुखरूप विमल अविनासिक,
जानै जगत शिरोमनि धर्म ॥
अनुभौ करे सुद्ध चेतनकौ,
रमै स्वभाव वमै सब कर्म ।
इहि विधि सधै मुक्तिको मारग,
अरु समीप आवै सिव सर्म ॥ ५ ॥

અહો ! બહુ માખણ ભરેલી સૂક્ષ્મ વાત છે.

जब चेतन सँभारि निज पौरुष । અનાદિથી અજ્ઞાની શરીર, ઇન્દ્રિય, મન, વાણી આદિને જ સંભાળતો હતો કે, 'આ હું છું' એ તો અજ્ઞાન હતું. જ્યારે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, દર્શનસ્વભાવને પોતાના પુરુષાર્થથી સંભાળી લે છે ત્યારે તે જ્ઞાની થાય છે. ધર્મની કળા જ કોઈ ન્યારી છે પણ લોકો પાસે તે વિપરીત રીતે મુકાયેલી છે.

પોતાના વીર્યને પોતા તરફ વાળતાં સ્વભાવનું સંભાળવું થાય છે— સ્વભાવની યાદગીરી થાય છે. વર્તમાન જ્ઞાનની દશાને સ્વભાવ તરફ વાળવી એ જ પુરુષાર્થ છે.

**निरखै निज दृगसौं निज मर्म ।**—પોતાના જ્ઞાનનેત્રથી પોતાના અસલી સ્વભાવને ઓળખે છે. ક્યારે? કે જ્યારે તે અસલી જ્ઞાનાનંદ સ્વભાવની સન્મુખ જઈને સ્વભાવને યાદ કરે છે ત્યારે તે અસલી સ્વભાવને પરખી લે છે. બહારથી વ્રત, તપાદિ જડની ક્રિયા કરવાથી આત્મા ઓળખાતો નથી. અજ્ઞાનદશામાં એવી શરીરની ક્રિયા કરીને હું ધર્મ સંભાળું છું એમ માનતો હતો તે હવે નિજ નેત્ર દ્વારા નિજને નિહાળતાં ધર્મનું અસલી સ્વરૂપ તેની દૃષ્ટિમાં આવે છે.

શુભ ઉપયોગને તો અચેતન કહ્યો છે અને વ્યવહારથી તેને જ નિશ્ચયનું સાધન કહ્યો છે. ખરેખર વાત તો એમ છે કે, પોતાનો સ્વભાવ જ પોતાનું સાધન થાય છે ત્યારે તેની ભૂમિકામાં શુભોપયોગ કેવો અને કેટલી જાતનો હોય તે બતાવવા તેને સાધનની ઉપમા આપીને કહેવાય છે.

**तब सुखरूप विमल अविनासिक, जानै जगत सिरोमनि धर्म ।** પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થથી અંતરમાં નીરખતાં ધર્મી સુખરૂપ, વિમલ અને અવિનાશી સ્વરૂપને જુએ છે. હું તો અતીન્દ્રિય આનંદ અને સુખરૂપ છું. મારું સુખ નિર્મળ અને અવિનાશી છે એમ ધર્મી અનુભવે છે. અજ્ઞાનદશામાં વિકલ્પમાં ચેતનપણાનો ભાસ થતો હતો કે આ વિકલ્પ છે તે જ આત્મા છે, એ ભાસ હવે રહેતો નથી. જડ અને ચૈતન્યની ભિન્નતા ભાસતાં ધર્મીને આત્માનો સ્વભાવ ધ્રુવ, નિર્મળ અને આનંદરૂપ જણાય છે. ત્યારે જ તેને ધર્મી કહેવાય છે.

ધર્મીને આત્માનો અનુભવ થતાં એમ જણાય છે કે આત્માનો સ્વભાવ તો જગતનો શિરોમણિ છે. દયા, દાનાદિના વિકલ્પથી આત્માનો ધર્મ તો ભિન્ન છે. વિકલ્પરૂપ વ્યવહારને તો અહીં અચેતન કહી દીધો છે. જે અચેતન છે તે ચૈતન્યને શું મદદ કરે! અચેતનમાં ચેતનપણાની બુદ્ધિથી જ એને ચોરાશીના અવતારમાં રખડવું પડયું છે. અહો! સંસારમાં રખડતો જીવ કેવા કેવા દુઃખ પામે છે! જન્મના દુઃખ, જરાના દુઃખ, મરણના દુઃખ, રોગના દુઃખ...દુઃખના જ્યાં પાર નથી એવા કલેશમાં પડેલો જીવ કલેશને પામે છે. તે કલેશમાં આત્મા નથી. આત્માનો સ્વભાવ કલેશથી ભિન્ન છે. એવા સ્વભાવને સંભાળતા એને જ્ઞાન અને સુખનો અનુભવ થાય છે. તે પોતાને લોકનો શિરોમણિ જાણે છે.

**अनुभौ करै शुद्ध चेतनकौ...**એકવાર આત્માનો અનુભવ થયા પછી તેને કાયમ ટકાવી રાખવો એ જ કરવાનું છે અને એ જ ધરવાનું છે. ખાચામાં એક પંડિતે કહ્યું હતું કે, તમારે તો કરવા...ધરવાનું કાંઈ નથી. અરે ભાઈ! રાગના વિકલ્પથી આત્માને જુદો

પાડવો અને જુદો ધારી રાખવો એ કરવું...ધરવું નથી? એને તો વિકલ્પ કરવા એ જ કરવાનું કર્તવ્ય લાગે છે. અનંતકાળથી એણે આત્માની વાત જ્ઞાનમાં બેસાડી નથી એટલે અઘરી થઈ પડી છે.

**रमै स्वभाव वमै सब कर्म ।** પોતાના નિજાનંદમાં રમે તો કર્મ અને રાગ-દ્વેષને વમે. માર્ગ તો આમ છે પણ જીવો ખોટા માર્ગમાં છેતરાઈ ગયા છે કેમ કે ત્યાં સોનાના વરખ લગાડીને પથ્થર પીરસ્યાં છે. ચાંદીના વરખ લગાડીને ઊંટની વિષ્ટા પીરસી છે, તે ઉપરથી તો ગોળ ગોળ રૂપેરી દેખાય એટલે સારી લાગે પણ ખાય તો ખબર પડે કે આ તો વિષ્ટા છે. તેમ અન્યમતોએ વિકાર ઉપર ક્રિયાના રંગ ચડાવી ધર્મ પીરસ્યો છે તેને ઊંડાણથી સમજે તો ખ્યાલ આવે કે આ તો જડ-વિકાર છે. ધર્મ તો તેને કહેવાય કે તેમાં જેટલો રમે તેટલાં કર્મોનો નાશ થતો જાય. ક્રિયાકાંડ કરવાથી કર્મનો નાશ થતો નથી.

**इहि विधि सधै मुक्तिकौ मारग ।** સ્વભાવ સન્મુખ થઈને સ્વભાવનો અનુભવ કરવાથી અને તેમાં રમવાથી મુક્તિનો માર્ગ સધાય છે અને કર્મનો નાશ થાય છે.

અહો! આત્મા તો સિદ્ધગિરી છે. અનંતી સિદ્ધદશાનું આત્મા સંગ્રહાલય છે. આત્માની સિદ્ધગિરી ઉપર જે જાય તે સુખી થાય, બાકી સિદ્ધગિરીની યાત્રા કરવાથી સિદ્ધિ થાય તેમ નથી. તનમંદિરમાં દેવ જિન છે. શરીરરૂપી મંદિરની અંદર આત્મારૂપી દેવ બિરાજે છે માટે એ જ તીર્થ છે. નિજતીર્થને જાણે નહિ અને બહારના તીર્થમાં ભટકયા કરે તેનાથી આત્માનું કલ્યાણ થાય તેમ નથી. આત્માનું ભાન થયા પછી તીર્થયાત્રાનો વિકલ્પ આવે તે જુદી વાત છે પણ ખરાં સિદ્ધગિરી એવા આત્માના ભાન વગર સાચી યાત્રા થતી નથી. ભગવાન આત્માના નિર્વિકલ્પ સ્વભાવ ઉપર આરૂઢ થવું તે ખરી યાત્રા છે.

**समीप आवै सिव सर्म ।** શિવ એટલે મોક્ષ અને સર્મ એટલે સુખ. અંતર સ્વભાવ સન્મુખ રમણતાથી જીવ નજીકના કાળમાં મુક્તિને પ્રાપ્ત થાય છે. જુઓ! નજીકમાં મુક્તિ થાય છે એમ કહ્યું તો ક્રમબદ્ધ કયાં રહ્યું એમ પ્રશ્ન ઉઠે. તેનો જવાબ એ છે કે આત્માની સન્મુખ થાય તેને મોક્ષમાં જવાનો કાળ થોડો જ હોય છે. અલ્પ-કાળમાં તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, આનંદના ઉભરાં આવે છે.

જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે...
અનહોની કબહૂં નહિ હોસી, કાહેં હોત અધીરા રે...

વીતરાગ અને સર્વજ્ઞદશા જેની પ્રતીતિમાં આવે તે જ આ વાત માની શકે.

માત્ર શબ્દોમાં કે ધારણામાં લેવાથી વાત માની ન કહેવાય. જેની દશામાં વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટી છે તે તો આ બધું જાણે છે પણ એ વાતનો આ જીવને વિશ્વાસ ક્યારે આવે કે જ્યારે તે જ્ઞાયક સ્વભાવ સન્મુખ થાય ત્યારે જ એ વાત એની શ્રદ્ધામાં બેસે છે.

હવે પુંઆ શ્લોકનું છઠ્ઠું પદ્ય કહે છે.

वरनादिक रागादि यह, रूप हमारो नांहि ।
एक ब्रह्म नहि दूसरो, दीसै अनुभव मांहि ॥ ६ ॥

અરે! આવા સ્વરૂપની વાત પણ અત્યારે ઘસાઈ ગઈ છે—રહી નથી. અરે, અનુભવ વિના ભવના અંત નહિ આવે પ્રભુ! અનુભવ વિનાની ક્રિયા કરે અને લોકો વખાણ કરીને ચડાવી દે તેમાં તારું હિત નથી, ભાઈ! એ તને શરણ નહિ થાય.

વરણાદિક એટલે શરીર સંબંધી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધું જડ છે અને રાગાદિ સર્વ વિભાવ પણ અચેતન છે. ભલે તે આત્માની પર્યાયમાં થાય છે પણ તે વિભાવ છે માટે આત્માના ભાવ નથી. નિશ્ચયથી તે આત્માની પર્યાય નથી. પુદ્ગલની પર્યાય છે. કોને માટે આ વાત છે? કે જેને રાગ અને આત્મા ભિન્ન ભાસ્યા છે તેને રાગ એ પુદ્ગલની પર્યાય છે. જેને હજુ રાગથી આત્માની ભિન્નતા ભાસી નથી તેને 'રાગ તો પુદ્ગલ છે અને મોહ નાચો તો ભલે નાચો.' એ વાત ન હોય. હજુ દૃષ્ટિ જ રાગ અને નિમિત્તો ઉપર પડી છે, રાગથી જુદો પડયો નથી તો નાચનારો જુદો પડયા વિના નાચને જુદો ક્યાંથી જાણે?

જેના ઘરમાં કરોડ રૂપિયા હોય, એકનો એક દીકરો હોય તેના લગ્ન કર્યાને છ મહિના થાય ત્યાં ખબર પડે કે તેને તો કેન્સર છે, મરવાની અણીએ આવી ગયો છે તો એ ઘરમાં કેવી ઉદાસી છવાઈ જાય! લગ્નમાં દશ લાખ ખર્ચીને વરોઠી કરી હોય, વહુ પાંચ લાખનું આણુ લાવી હોય, લગ્ન પહેલા કેટલા લાડકા લાડ ખવરાવ્યાં હોય પણ તેની એક અંશ માત્ર હોંશ હવે દેખાય! એકલી ઉદાસી...ઉદાસી સિવાય કાંઈ દેખાતું નથી તેમ, આત્મામાં રાગ-દ્વેષાદિ તો મરી ગયેલાં છે તેમાં કાંઈ સાર નથી એમ જણાતાં ઉદાસી છવાઈ જાય છે. પહેલામાં અજ્ઞાનની ઉદાસી હતી અને આમાં વૈરાગ્યથી ઉદાસી આવી જાય છે. ભગવાન આત્મા પોતાના પંથે ચડતાં તેને આખી દુનિયાથી વૈરાગ્ય...વૈરાગ્ય...ઉદાસી છવાઈ જાય છે.

વર્ણાદિ અને રાગ-દ્વેષાદિ બધું અચેતન છે. ભગવાન આત્માની પ્રતીતિ આવી ત્યાં આ બધું જડ છે એમ ભાસે છે. વ્યવહાર રત્નત્રય પણ અચેતન છે, ભગવાનની

ભક્તિનો રાગ પણ અચેતન છે. બાપા! તારાં રસ્તા નિરાળા છે ભાઈ! અરે! શાસ્ત્રના ભણતર પણ પરલક્ષી અને વિકલ્પરૂપ હોવાથી જડ છે. તેનાથી આત્માની પ્રાપ્તિ થશે એમ માનનાર મૂર્ખ છે. યોગીન્દ્રદેવે કહ્યું છે, 'શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ...' પરલક્ષી જ્ઞાન એ જો ખરેખર જ્ઞાન હોય તો તેની સાથે આનંદ હોવો જોઈએ. આત્માનો આનંદ તેમાં નથી માટે તે ખરેખર જડ છે.

એક બ્રહ્મ નહિ દૂસરો દીસે અનુભવમાંહિ...આત્માના અનુભવમાં એકલો બ્રહ્માનંદસ્વરૂપ આત્મા અનુભવાય છે તેમાં બીજા કોઈનો અનુભવ નથી. વ્યવહારનો અનુભવ પણ ત્યાં નથી.

લોકોને એમ થાય કે, પ્રથમથી જ આવી ઊંચી વાત કરો છો પણ પહેલાં જેમ બાળકને ચાલતાં શીખવાડવા ચાલનગાડી આપે છે એવી વ્યવહારની ચાલનગાડી તો અમને આપો! ભાઈ! આત્માને અનુભવવો એ જ ચાલનગાડી છે, એ જ પ્રથમ ધર્મ છે. ભગવાન આત્માની સન્મુખ થઈને અનુભવ કરે છે તેણે પ્રથમ પગલું મૂક્યું એ જ ચાલતાં ચાલતાં આગળ વધીને કેવળજ્ઞાન પામશે.

પરમાર્થવચનિકામાં કહ્યું છે ને! આગમપદ્ધતિનો વ્યવહાર તો જીવોને દેખાય છે, સુગમ લાગે છે પણ અધ્યાત્મનો તો વ્યવહાર પણ ઝીણો પડે છે—સૂક્ષ્મ લાગે છે. શરીરની અને રાગની ક્રિયા સહેલી લાગે છે પણ તે ઉપાય નથી.

એક બ્રહ્મ નહિ દૂસરો...એટલે પોતે એક બ્રહ્મ છે. બધાં થઈને એક બ્રહ્મ છે એમ નથી. જ્ઞાનના સૂર્ય–આનંદના સાગર ઉપર દૃષ્ટિ પડતાં જે અનુભવ થાય છે તેમાં એકલો આત્મા જ હોય છે, બીજી ચીજ હોતી નથી એમ કહેવું છે. આ અનુભવ એ જ ધર્મ છે.

કેટલાંક એમ કહે છે કે સોનગઢવાળાએ ધર્મને બહુ મોંઘો કરી નાંખ્યો છે પણ ભાઈ! ધર્મનું સ્વરૂપ આ એક જ છે. સમકિતનો એક જ પ્રકાર છે તેને મોંઘો કહે કે સસ્તો કહે એ તો જેમ છે તેમ છે. વ્યવહાર સમકિત એ કાંઈ સમકિત નથી.

જેણે ધર્મના સ્વરૂપની વાત પણ સાંભળી ન હોય, વિચાર કર્યો ન હોય એને આવા મોટા મહિમાવંત પદાર્થની વાત કેમ બેસે! જેમ આ પાલીતાણામાં મોટા મંદિર બન્યા છે તેનાં દશ દશ મણના પથ્થર નીચેથી ઉપર ચડાવ્યાં હોય ત્યારે બને ને! હવે આ વાત કીડીને કેમ બેસે! તેમ જેના હૃદય ટૂંકા છે તેને આત્માના અનંત અનંત ગુણોની શક્તિની વાત બેસતી નથી. અહો! આત્મામાં અનંત આનંદ અને અનંત જ્ઞાનાદિ ગુણોના ચોસલાં રહેલાં છે.

જેના જ્ઞાનની હદ નથી એવા સ્વભાવવાળું તત્ત્વ છે એ એક જ દૃષ્ટિમાં આવતાં તેને આત્માના ધર્મનું ભાન થાય છે.

હવે ૭મા પદ્યમાં દેહ અને જીવની ભિન્નતા ઉપર બીજું દૃષ્ટાંત આપે છે.

खांडो कहिये कनककौ, कनक-म्यान-संयोग ।
न्यारौ निरखत म्यानसौं, लोह कहैं सब लोग ॥ ७ ॥

અર્થ:—સોનાના મ્યાનમાં રાખેલી લોઢાની તલવારને સોનાની કહેવામાં આવે છે પરંતુ જ્યારે તે લોઢાની તલવાર સોનાના મ્યાનમાંથી જુદી કરવામાં આવે છે ત્યારે લોકો તેને લોઢાની જ કહે છે.

મ્યાન અને તલવાર તદ્દન ભિન્ન છે માટે મ્યાન સોનાની હોવાથી તલવાર કાંઈ સોનાની થઈ જતી નથી. તેમ દેહ અને આત્મા તદ્દન ભિન્ન છે તેથી દેહ જડ હોવાથી આત્મા કાંઈ જડ થઈ જતો નથી. શ્રીમદ્ રાજચંદ્રજી આત્મસિદ્ધિમાં કહે છે.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન.
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.

જેમ તલવાર ને મ્યાન જુદાં છે તેમ દેહ અને આત્મા જુદાં છે એમ કહ્યું છે તેમાં દેહની સાથે રાગ-દ્વેષના વિકલ્પો પણ લઈ લેવાં. દરેક વિકલ્પો કાર્માણ શરીરમાં ગણી લેવાં. તેનાથી પણ આત્મા ભિન્ન છે.

સિદ્ધાંત સમજવા માટે દૃષ્ટાંત હોય છે. દૃષ્ટાંત સમજવા માટે દૃષ્ટાંત નથી. જેમ તલવાર મ્યાનમાં હોવાથી તલવારની મ્યાન કહેવાય છે પણ તે બંને એક નથી, જુદી ચીજ છે તેમ આત્મા દેહની અંદર હોવાથી દેહવાળો અને વિકલ્પવાળો કહેવાય છે પણ આત્મા દેહ અને વિકલ્પથી ભિન્ન વસ્તુ છે.

દેહને ગમે તેટલો પાળે-પોષે પણ પોતે દેહથી ભિન્ન છે તેથી તો એ દેહને મૂકીને પોતે ચાલ્યો જાય છે. દેહ સાથે જતો નથી તેમ પુણ્ય-પાપના વિકલ્પો પણ સાથે જતાં નથી, વિકલ્પો પલટી જાય છે કેમ કે તે આત્મા નથી.

ભાવાર્થ:—શરીર અને આત્મા એક ક્ષેત્રાવગાહે રહેલા છે તેથી સંસારી જીવ ભેદવિજ્ઞાનના અભાવથી શરીરને જ આત્મા સમજી જાય છે. શરીર હું અને રાગ, પુણ્ય, પાપ, કર્મ, વ્યવહાર આદિ બધું મારું જ છે એમ સમજે છે પરંતુ જ્યારે ભેદવિજ્ઞાનમાં આત્માની ઓળખાણ કરવામાં આવે છે ત્યારે ચિત્ચમત્કાર આત્મા જુદો ભાસવા લાગે છે એનું જ નામ ધર્મ છે. રાગ અને શરીરમાંથી આત્મબુદ્ધિ દૂર થાય અને આત્મામાં આત્મબુદ્ધિ થાય—ચૈતન્યભગવાન બધાંથી ભિન્ન ભાસવા લાગે ત્યારે સાચું આત્મદર્શન અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. [ક્રમશઃ]

# ▣ વૈરાગ્યજનની : બાર ભાવના ▣

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે પ્રભાવનાગુણની વાત કરે છે :—

जिणसासणमाहप्पं बहुविह जुत्तीहिं जो पयासेदि ।
तह तिव्वेण तवेण य पहावणा णिम्मला तस्स ॥ ४२३ ॥

અર્થ:—જે સમ્યગ્દૃષ્ટિ પુરુષ, પોતાના જ્ઞાનબળથી અનેક પ્રકારની યુક્તિપૂર્વક વાદિજનોનું નિરાકરણ કરી તથા ન્યાય, વ્યાકરણ, છંદ, અલંકાર અને સાહિત્યવિદ્યાથી વક્તાપણા વા શાસ્ત્રરચના દ્વારા અનેક પ્રકારની યુક્તિથી વાદિજનોનું નિરાકરણ કરી વા અતિશય-ચમત્કાર-પૂજાપ્રતિષ્ઠા વડે વા મહાન દુર્ધર તપશ્ચરણથી જિનશાસનનું માહાત્મ્ય પ્રગટ કરે તેને પ્રભાવનાગુણ નિર્મળ થાય છે.

આ પ્રભાવનાગુણ મહાન છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષોને પ્રભાવનાગુણ અવશ્ય હોય છે. ખોટા દેવાદિની વાત સાંભળીને જ્ઞાનીને એવો વિકલ્પ આવે કે આ વાત ખોટી છે અને પુણ્ય દેખે તો વાદવિવાદ પણ કરે, અને ધર્મની પ્રભાવના કરે. વળી પૂજા આદિ પણ કરે તે બધી વ્યવહાર પ્રભાવના છે અને આત્મામાં શુદ્ધતાની વૃદ્ધિ કરે તે નિશ્ચય પ્રભાવના છે. એવી નિશ્ચયપ્રભાવના વખતે લોકોમાં પ્રભાવના થાય તે વ્યવહાર-પ્રભાવના છે.

'નિઃશંકિતાદિ ગુણો કેવા પુરુષને હોય છે?' તે કહે છે:—

जो ण कुणदि परतत्तिं पुण पुण भावेदि सुद्धमप्पाणं ।
इन्दियसुहणिरवेक्खो णिस्संकाइगुणा तस्स ॥ ४२४ ॥

અર્થ:—જે પુરુષ, પરની નિંદા ન કરે, શુદ્ધ આત્માને વારંવાર ચિંતવતો હોય તથા ઇન્દ્રિયસુખની અપેક્ષા—વાંછારહિત હોય તેને નિઃશંકિતાદિ આઠ ગુણ અને અહિંસાધર્મરૂપ સમ્યક્ત્વ હોય છે.

જુઓ, આ ગાથામાં આઠે ગુણોનું વર્ણન આવી જાય છે. ધર્માત્મા કોઈ દોષ આવી ગયો હોય તો જ્ઞાની તેની નિંદા કરે નહિ. આખી દુનિયા ખોટી વાતો કરે તો પણ જ્ઞાની એમાં મૂંઝાય નહિ. પરની વાત સાચી હશે એવી ઇચ્છા કરે નહિ. હું ચૈતન્યસ્વરૂપી જ્ઞાયક છું. પરની ક્રિયા મારી નથી એવા ભાનમાં જ્ઞાન એકાગ્ર થાય એમાં આઠે ગુણોનો સમાવેશ થઈ જાય છે અને તે જ અહિંસાધર્મ છે.

ભાવાર્થ:—અહીં ત્રણ વિશેષણ છે તેનું તાત્પર્ય આ છે જેકે પરની નિંદા કરે તેને નિર્વિચિકિત્સા, ઉપગૂહન, સ્થિતિકરણ તથા વાત્સલ્ય ગુણ ક્યાંથી હોય? માટે પરનો નિંદક ન હોય ત્યારે આ ચાર ગુણ હોય છે. વળી જેને પોતાના આત્માના વસ્તુસ્વરૂપમાં શંકા–સંદેહ હોય તથા મૂઢદૃષ્ટિ હોય તે પોતાના આત્માને વારંવાર શુદ્ધ ક્યાંથી ચિંતવે? તેથી જે પોતાને શુદ્ધ ભાવે (ચિંતવે) તેને જ નિઃશંકિત અને અમૂઢદૃષ્ટિગુણ હોય છે તથા પ્રભાવના પણ તેને જ હોય છે. વળી જેને ઇન્દ્રિયસુખની વાંછા હોય તેને નિઃકાંક્ષિતગુણ હોતો નથી પણ ઇન્દ્રિયસુખની વાંછા રહિત થતાં જ નિઃકાંક્ષિતગુણ હોય છે. એ પ્રમાણે આઠ ગુણો હોવાનાં આ ત્રણ વિશેષણો છે.

આ સમ્યગ્દૃષ્ટિના ગુણની વાત છે. જેને આત્માનું ભાન નથી તેને આવા ગુણો યથાર્થ હોતા નથી. તે આત્માની ચિંતવના પણ કરી શકતો નથી. આત્મવસ્તુ આનંદકંદ છે, એમાં પુણ્ય પાપ ઉપર તરે છે, તે અંદર પ્રવેશ કરતા નથી, એવી નિઃશંક પ્રતીતિ જેને ન હોય તે આત્માનું યથાર્થ ચિંતવન કરી શકે નહિ.

આગળ કહે છે કે આ આઠ ગુણ ધર્મીમાં કહ્યા તેમ દેવ-ગુરુ આદિમાં પણ સમજવા:—

णिस्संकापहुदिगुणा जह धम्मे तह य देवगुरुतच्चे ।
जाणेहि जिणमयादो सम्मत्तविसोहया एदे ॥ ४२५ ॥

અર્થ:—જેમ આ નિઃશંકાદિ આઠ ગુણ ધર્મીમાં પ્રગટ થાય છે તેમ દેવના સ્વરૂપમાં, ગુરુના સ્વરૂપમાં, છ દ્રવ્ય–પંચાસ્તિકાય–સાતતત્ત્વ નવ પદાર્થના સ્વરૂપમાં પણ હોય છે. તેને પ્રવચન સિદ્ધાંતથી સમજવા. આ આઠ ગુણ સમ્યક્ત્વને નિરતિચાર વિશુદ્ધ કરવાવાળા છે.

શુદ્ધ ચૈતન્ય સિવાય પુણ્યાદિની રુચિ કે ઇચ્છા ધર્મીને હોતી નથી; ધર્મીને ધર્મ પ્રત્યે દુર્ગંછા થતી નથી, કુદેવાદિની ઊંધી પ્રરૂપણાથી તે મૂંઝાતો નથી. એ બધા સમકિતના ગુણો છે. વળી અરિહંતના સ્વરૂપમાં પણ શંકા આદિ જ્ઞાનીને હોય નહિ, ક્ષુધા, તૃષા, રોગાદિ ભગવાનને હોય નહિ અને એવા અરિહંત બીજામાં હોય નહિ, તેથી એવા અરિહંતમાં શંકા કરવી નહિ. સત્તાસ્વરૂપમાં સ્થાનનિર્ણયમાં આવ્યું હતું કે સાચા અરિહંત તો એક જ સ્થાને હોય છે. માટે બીજામાં હશે એવી શંકા કે ઇચ્છા કરવી નહિ. એક કેવળી અનંતા કેવળીને અને લોકાલોકને જાણે. એવો કેવળીનો એક સમયનો પર્યાય કેટલો મોટો હશે એમાં ધર્મીને મૂંઝવણ થાય નહિ. અરિહંતના સ્વરૂપની પ્રીતિમાં તે આત્માને જોડે. એમાં સ્થિર કરે અને એની પ્રભાવના કરે. એ રીતે અરિહંતમાં લેવું.

નિઃશંકાદિ આઠે ગુણો અરિહંતની જેમ ગુરુમાં પણ સમ્યગ્દૃષ્ટિને વ્યવહારે હોય છે. નિર્ગ્રંથભાવલિંગી મુનિપણું શુદ્ધઉપયોગસ્વરૂપ છે અને પંચમહાવ્રતાદિ રાગ છે તે વ્યવહાર છે. આવું ગુરુનું સ્વરૂપ હોય છે એમાં સમકિતી નિઃશંક હોય છે. એવા ગુરુ સિવાય બીજા વસ્ત્રાદિવાળા ગુરુ હશે એમ જ્ઞાની ઇચ્છતો નથી. નિર્ગ્રંથગુરુની દુગંછા કરે નહિ, વીતરાગી દિગંબર સંત સિવાય બીજા ગુરુ હોય નહિ. તેથી અન્યમાં મૂંઝાય નહિ. ગુરુને કોઈ ચારિત્રની અસ્થિરતાના કારણે દોષ હોય તો તેને ગોપવે, ગુરુની ભક્તિમાં સ્થિર રહે, અને પ્રભાવના કરે.

આ પ્રમાણે ધર્મમાં પણ નિઃશંક હોય, બીજા ધર્મની વાંચ્છા કરે નહિ, દુગંછા પણ કરે નહિ, ધર્મમાં મૂઢ ભાવના ન હોય, ધર્મમાં સ્થિરભાવ કરે તથા ધર્મની પ્રભાવના આદિ સમ્યગ્દૃષ્ટિ કરે છે. વળી તે છ દ્રવ્યમાં નિઃશંક હોય. બીજા કાળદ્રવ્યને માનતા નથી માટે પાંચ દ્રવ્ય હશે કે કેમ ? પંચાસ્તિકાયના સ્વરૂપમાં નિઃશંક હોય છે. જીવદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે, આકાશ અનંતપ્રદેશી છે, ધર્મ-અધર્મદ્રવ્ય પણ અસંખ્યપ્રદેશી છે, પુદ્ગલ સંખ્ય, અસંખ્ય, અને અનંતપ્રદેશી છે, તેમાં ધર્મીને શંકા હોય નહિ. આ સિવાય પંચાસ્તિકાયનું બીજું સ્વરૂપ હશે એવી બીજા પ્રરૂપણા કરે તેની ઇચ્છા ન કરે, એમાં મૂઢભાવ કે દુગંછાભાવ કરે નહિ અને એમાં જ સ્થિરભાવ તથા પ્રભાવના કરે.

સાત તત્ત્વ તથા નવ પદાર્થના સ્વરૂપમાં પણ ધર્મી નિઃશંક હોય છે. શુદ્ધ ઉપયોગ છે તે જ સંવર છે એમ જાણે, નિર્જરા તથા મોક્ષાદિ તત્ત્વમાં જ્ઞાનીને શંકા હોતી નથી, તત્ત્વનું સ્વરૂપ કોઈ બીજી રીતે બતાવતા હોય તો એની વાંછા કરે નહિ. એમાં મૂઢભાવને સેવે નહિ, સ્થિરતા આદિ આઠે ગુણો એમાં લઈ લેવા.

ભાવાર્થ:—દેવ, ગુરુ અને તત્ત્વમાં શંકા ન કરવી, તેની યથાર્થ શ્રદ્ધા વડે ઇન્દ્રિયસુખની વાંછારૂપ કાંક્ષા ન કરવી, તેમાં ગ્લાનિ ન લાવવી, તેમાં મૂઢદૃષ્ટિ ન રાખવી, તેના દોષોનો અભાવ કરવો વા તેને ઢાંકવા, તેનું શ્રદ્ધાન દૃઢ કરવું, તેમાં વાત્સલ્ય એટલે વિશેષ અનુરાગ કરવો અને તેનું માહાત્મ્ય પ્રગટ કરવું એ આઠ ગુણ તેમાં (દેવ-ગુરુ તથા તત્ત્વાદિમાં) જાણવા. આગળ સમ્યગ્દૃષ્ટિ થઈ ગયા તેઓની કથા જિનપ્રવચનથી જાણવી. આ આઠે ગુણો અતિચારદોષ દૂર કરી સમ્યક્ત્વને નિર્મળ કરવાવાળા છે, એમ સમજવું.

આ ગાથામાં દેવ-ગુરુ આદિની ઘણી વાત આવી. હવે આગળની ગાથામાં કહે છે કે આવા ધર્મને જાણવાવાળા તથા આચરણ કરવાવાળા દુર્લભ છે.

धम्मं ण मुणदि अहवा जाणेइ कहवि कट्ठेण ।
काउं तो वि ण सक्कदि मोहपिसाएण भोलविदो ॥ ४२६ ॥

અર્થ:—આ સંસારમાં પ્રથમ તો જીવ ધર્મને જાણતો જ નથી, વળી કોઈ પ્રકારથી ઘણા કષ્ટો વડે જો જાણે છે તો ત્યાં મોહરૂપ પિશાચથી ભ્રમિત થતો ધર્મ આચરવામાં સમર્થ થતો નથી.

ધર્મ કોને કહેવો? તેને અજ્ઞાની પ્રથમ તો જાણતો નથી. લોકો બહારમાં અઠાઈ આદિ ઉપવાસ કરીને એમાં ધર્મ મનાવે છે, અને કહે છે કે શું અમે આ અધર્મ કરી રહ્યા છીએ? પણ અરે ભાઈ! જેને ધર્મ શું ચીજ છે એની ખબર ન હોય તે મિથ્યાત્વરૂપી મહાન અધર્મને તો સેવી જ રહ્યો છે, પછી ભલે બહારમાં ત્યાગ દેખાતો હોય કે મંદકષાય હોય, પણ સમ્યગ્દર્શન વિના એને ધર્મ થતો નથી. સમ્યગ્દ્રષ્ટિને સ્વરૂપનું ભાન છે અને રાગ ઘટતાં બહારમાં આહારાદિની ઇચ્છા હોતી નથી ત્યારે સહજ એવા સંયોગો છૂટી જાય છે એને વ્યવહારે તપ કહેવાય છે. અજ્ઞાનીને રાગનો અભાવ તો થતો નથી પણ યથાર્થ રાગ પણ ઘટતો નથી.

વળી કોઈ તો એવા છે કે આત્માના પુરુષાર્થવડે પોતાના સ્વભાવને જાણે છે પણ અંદરથી આસક્તિભાવ ટાળતા નથી. માટે ધર્મને દુર્લભ કહ્યો છે. અહીં સમ્યગ્દ્રષ્ટિના આચરણની વાત છે. જ્યાં સુધી અસ્થિરતારૂપી દોષને ટાળે નહિ. ત્યાં સુધી આચરણ પણ યથાર્થ થતું નથી. માટે પુરુષાર્થપૂર્વક આચરણ કરવા માટે અહીં ધર્મની દુર્લભતા બતાવી છે.

ભાવાર્થ:—અનાદિથી આત્મા એક તો પોતાના ધર્મને જાણતો નથી. કદાચિત પોતાના પુરુષાર્થથી જાણે છતાં એનું આચરણ દુર્લભ છે એમ કહે છે. ખ્યાલમાં આવવા છતાં એનું પરિણમન થઈ, અંતર આચરણમાં મૂકવું તે દુર્લભ છે. સ્વભાવે સહજ હોવા છતાં અનંતકાળમાં પુરુષાર્થ નહિ કરેલો હોવાથી દુર્લભ છે. પુરુષાર્થ પરમાં રોકાયેલો હોવાથી ધર્મ દુર્લભ થઈ પડયો છે.

આ ગાથામાં ધર્મને દુર્લભ કહેલ છે, હવેની ગાથામાં ધર્મ સહજ અને સુલભ છે એમ બતાવીને અનેકાંત કહે છે અને ધર્મગ્રહણનું માહાત્મ્ય બતાવે છે.

जह जीवो कुणइ रई पुत्तकलत्तेसु कामभोगेसु ।
तह जइ जिणिंदधम्मे तो लीलाए सुहं लहदि ॥ ४२७ ॥

અર્થ:—જેમ આ જીવ, પુત્ર-કલત્રમાં તથા કામ-ભોગમાં રતિ-પ્રીતિ કરે

છે તેમ જો જિનેન્દ્રમાં વીતરાગધર્મમાં કરે તો લીલામાત્રમાં અલ્પકાળમાં જ સુખને પ્રાપ્ત થાય.

પાંચ ઇન્દ્રિયના વિષયોમાં અને સ્ત્રી-પુત્રાદિના પ્રેમમાં વીર્યને રોકીને, રતિ-પ્રીતિ આદિ કરે છે, તે આત્માનો ઊંધો પુરુષાર્થ છે, છોકરાનાં લગ્ન હોય ત્યારે સગાંવહાલાં આવે ત્યારે હરખાય છે અને 'તમે આવ્યા તમે આવ્યા તે સારું કર્યું' એમ કહી હરખઘેલો બની જાય છે. આ રીતે જીવને પ્રેમ કરતાં તો આવડે છે. હવે તે પ્રેમને વીતરાગમાર્ગમાં જોડે અને દિશા બદલે તો આત્મા સહજમાત્રમાં મોક્ષસુખને પ્રાપ્ત કરે. એટલે કે આત્માની રુચિ કરી, પોતાના તરફ પુરુષાર્થ વાળે તેને લીલામાત્રમાં એટલે સુલભપણે મોક્ષ થાય છે.

ભાવાર્થ:—સંસારની રુચિવાળા જીવોને રાત્રે સ્વપ્નાં પણ એનાં જ આવે, અને એની જ રટણતા હોય, દિવસનો લોહવાટ કર્યો હોય તે સ્વપ્નામાં ખડો થાય. સંસારની પ્રીતિવાળાને મરીને તું દેવ થઈશ એમ કોઈ કહે તો ખુશીખુશી થઈ જાય. અને જ્યોતિષી કહે કે તને કરોડ રૂપિયા મળશે તો તે ખુશી થાય છે. તેમ આત્માની રુચિવાળાને કોઈ કહે કે તું વીતરાગ થઈશ અને કેવળજ્ઞાન તને પ્રગટ થશે. તો એમાં એને પ્રીતિ આવ્યા વિના રહે નહિ, એનું પડખું ફરી ગયું છે, એટલે આત્માની પ્રીતિ કરે છે. એમાં પ્રીતિ કરે તો ધર્મ થયા વિના રહે નહિ અને એ જ સાચી સુગંધદશમી છે, માટે દશલક્ષણધર્મ જે આત્માની શુદ્ધતા છે એમાં જ પ્રીતિ કર—એમ કહે છે.

[ ક્રમશઃ ]

* ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી, સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટ્યું છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટ્યું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી, દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# સમ્યક્ વિવેક વિના નિશ્ચય-વ્યવહારનો સુમેળ સધાતો નથી

[ શ્રી પંચાસ્તિકાય ગાથા–૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે, ચારે અનુયોગના શાસ્ત્રોનો સાર તો ચિદાનંદસ્વભાવની વીતરાગી શ્રદ્ધા–વીતરાગી જ્ઞાન ને વીતરાગી આચરણ કરવું તે જ છે; વચ્ચે રાગ આવે ખરો, પણ તે મોક્ષમાર્ગ નથી.

આત્મા અનંત પરદ્રવ્યોથી જુદો છે, ને ખરેખર એક સમયના વિકારથી પણ જુદો તેનો સ્વભાવ છે, આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે, એની સન્મુખ દૃષ્ટિ અને એકાગ્રતા કરીને વીતરાગભાવ થાય તે જ શાસ્ત્રોનો સાર છે, સ્વભાવના અવલંબને જ મોક્ષમાર્ગ છે, અને ત્યાં નિશ્ચયપૂર્વક વચ્ચે રાગ આવે તે વ્યવહાર છે, આવા મોક્ષને જે જીવ નથી માનતો ને એકલા શુભ આચરણમાં જ મોક્ષમાર્ગ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે તેને માટે ગાથા કહે છે કેઃ—

चरणकरणप्पहाणा ससमयपरमत्थमुक्तावारा ।
चरणकरणस्स सारं णिच्चयसुद्धं ण जाणंत्ति ॥

ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન ચૂકીને બાહ્યના આચરણમાં અને રાગમાં જ જેને પ્રધાનતા થઈ ગઈ છે એવો જીવ સ્વસમયરૂપ પરમાર્થના વ્યાપારથી રહિત છે, અને ચરણકરણના સારરૂપ જે શુદ્ધ નિશ્ચય છે તેને તે જાણતો નથી, ચૈતન્યની પ્રધાનતા ચૂકીને એકલા રાગની જ પ્રધાનતાથી મોક્ષમાર્ગ માની રહ્યો છે, તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રોમાં જે વ્યવહારનાં આચરણ કહ્યાં છે તેને તે મોક્ષ સાધન માને છે પણ તે વ્યવહાર કથનનો સાર તો શુદ્ધ આત્મા છે. તેને તે જાણતો નથી, એવા જીવને મોક્ષમાર્ગ હોતો નથી, તે જીવ એકાંત વ્યવહારાસંબી મિથ્યાદૃષ્ટિ છે.

હવે, જે જીવને શુદ્ધનિશ્ચય સ્વભાવનું ભાન તો નથી, પણ શુદ્ધ નિશ્ચયની માત્ર વાતો કરે છે ને વ્યવહારના શુભભાવને છોડીને સ્વચ્છંદને સેવે છે તેવા એકાંત નિશ્ચયાભાસી જીવની વાત કરે છે, શુદ્ધસ્વભાવની શ્રદ્ધા જ્ઞાન થયા પછી, તેમાં પૂર્ણ લીનતા ન થાય ત્યાં વચ્ચે ગણધરદેવને પણ શુભરાગ આવે છે, તે વ્યવહારને જે જીવ ન માને, ભૂમિકા અનુસાર કેવો રાગ ઘટે તેનો વિવેક ન કરે, અને માત્ર નિશ્ચયની વાતો કરે, તો તે પણ સ્વચ્છંદી છે.

જુઓ, નિશ્ચય સ્વભાવ તો આદરણીય જ છે, પણ જેને નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ પ્રગટી હોય તેના જ્ઞાનમાં પર્યાયનો વિવેક બરાબર હોય છે. પરદ્રવ્યથી આત્માને પાપ લાગતું નથી—એમ કહીને રાત્રે ખાવાના ભાવ કરે, સ્ત્રીના સંગનો ભાવ કરે, એવા સ્વચ્છંદ પરિણામ સેવે—તો તે જીવ ભ્રષ્ટ છે, તેને નિશ્ચયનું પણ ભાન નથી, ને વ્યવહારનું પણ ભાન નથી. ભગવાનની પૂજા, દેવ-ગુરુનો વિનય, સાધર્મીનો પ્રેમ, ધર્મની પ્રભાવના વગેરેનો ઉલ્લાસભાવ ચોથા-પાંચમા ગુણસ્થાને ધર્મીને આવ્યા વિના રહેતો નથી, એવા શુભભાવને આડંબર કહીને તેને છોડી દે અને અશુભ ભાવને જ સેવે તો તે જીવ તો સ્વચ્છંદી અને ભ્રષ્ટ છે, તે જીવ વસ્તુસ્વરૂપને જાણતો નથી, નિશ્ચયની દૃષ્ટિ હોય તેને પર્યાયમાં કેટલો વૈરાગ્યભાવ હોય! "સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે"—એમ સમયસારમાં કહ્યું છે તે તો શુદ્ધસ્વભાવની દૃષ્ટિ અપેક્ષાએ કહ્યું છે. ભોગના ભાવ વખતે પણ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ ખસતી નથી. તે અપેક્ષાએ તેને દૃષ્ટિના જોરે નિર્જરા કહી છે, પણ જે રાગભાગ છે તે તો તેને પણ બંધનું કારણ છે; રાગ ભાવને લીધે કાંઈ નિર્જરા થતી નથી, પરિણામનો વિવેક ન કરે ને સ્વચ્છંદી થઈને ગમે તેવા ભાવમાં વર્તે—તો તે મૂઢ છે, જે ભૂમિકામાં જે જે યોગ્ય હોય તે સમજવું જોઈએ, અંદરમાં જેને ચિદાનંદ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ હોય તેને રાગ ઘણો છૂટી જાય છે, ને રાગનાં નિમિત્તો તરફનું વલણ પણ છૂટી જાય છે, અજ્ઞાની તો સ્વભાવનું ભાન કરતો નથી. ને પર્યાયનો વિવેક પણ કરતો નથી ને "જેવી પર્યાય થવાની હશે તેવી પર્યાય ક્રમબદ્ધ થશે" એમ કહીને વ્રતાદિના પરિણામથી ઉદાસીન થઈ, તીવ્ર વિષય-કષાય ભાવને સેવે, કુદેવાદિને માને ને સાચા દેવ-ગુરુ ઉપર પ્રેમ આવે નહિ—એવા જીવો તો મિથ્યાદૃષ્ટિ છે. પોતાના પરિવાર કરતાં પણ સાધર્મી જીવો ઉપર ધર્મી જીવને અધિક પ્રેમ આવે છે. જેને દેવ-ગુરુ ઉપર પ્રેમ આવતો નથી, સાધર્મી ઉપર પ્રેમ આવતો નથી, ને વિષય-કષાયના પાપ પરિણામને સેવે છે—એવા જીવો તો ભ્રષ્ટ છે. જુઓ, વચ્ચે શુભરાગ, પૂજા-ભક્તિ વગેરે વ્યવહાર આવે છે, પણ મોક્ષમાર્ગ તો નિશ્ચય સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રરૂપ વીતરાગભાવ જ છે. જુઓ, વચ્ચે ભૂમિકા અનુસાર શુભરાગરૂપ વ્યવહાર આવે છે તેને જ્ઞાની જાણે છે, પણ તે રાગને મોક્ષમાર્ગ માનતા નથી. "વચ્ચે વ્યવહાર આવે તેને જો મોક્ષનું કારણ માને તો જ વ્યવહારને માન્યો કહેવાય" એમ નથી. જો વ્યવહારથી નિશ્ચય થવાનું માને તો તે પણ એકાંત વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે, ને શુભરાગ તે મોક્ષમાર્ગ નથી માટે શુભનો વિકલ્પ છોડીને અશુભ રાગ કરે, મદ્ય-માંસાદિ ખાવાના ભાવ કરે, ને નિશ્ચયની દૃષ્ટિ છે એમ કહે, તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે, મદ્ય-માંસને ખાવાની

વૃત્તિ તે મહા પાપ છે એવી વૃત્તિ ધર્મીને હોય નહિ.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં તો કહે છે કે :—

अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य ।
जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधियः ॥ ७४ ॥

જે પુરુષ દુઃખદાયક, દુસ્તર અને પાપોના સ્થાનરૂપ આ આઠ પદાર્થોને છોડીને ( મધ, માંસ, મદિરા, પાંચ ઉદમ્બર ફળ ) નિર્મળ બુદ્ધિવાળો થાય છે તે જ જિનધર્મનો ઉપદેશ સાંભળવાને પાત્ર બને છે.

જેને માંસભક્ષણ વગેરેનો ભાવ છે તે જીવ ઉપદેશનું શ્રવણ કરવાને પણ પાત્ર નથી, તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવને તો માંસનું ભક્ષણ હોય જ કેમ ? જૈન નામ ધરાવનારને પણ માંસાદિનો ખોરાક ન હોય, સ્વભાવની રુચિ થાય એવા જીવને માંસાદિ ખાવાનો તીવ્ર પાપભાવ હોય જ નહિ, એવા પ્રકારનો તીવ્ર રાગભાવ તો તેને સહેજે છૂટી જાય છે, કોઈ કહે કે સ્વભાવની દૃષ્ટિ રાખવી, માંસાદિ ખાવામાં કાંઈ વાંધો નથી. તો તે જીવ નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગને જાણ્યા વિના બકી રહ્યો છે, સમ્યગ્જ્ઞાનીને ભૂમિકાનો બધા પ્રકારનો વિવેક સહજ હોય છે, નિશ્ચય-વ્યવહાર બન્નેનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ, પોતાની કલ્પનાથી અભેદ નિશ્ચય સાધ્ય સાધન પોતામાં માને છે ને અશુભ સહિત મિથ્યાત્વરૂપી પ્રમાદમાં મૂર્છિત વર્તે છે ' इतो भ्रष्ट उतो भ्रष्ट ' થઈ ન તો નિશ્ચયને પામે છે, ન તો વ્યવહાર શુભભાવને પામે છે, મોક્ષમાર્ગની પર્યાયનો તથા રાગનો વિવેક નથી. સત્ શાસ્ત્રનો સ્વાધ્યાય નહીં, સમાગમ નહીં, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય નથી, સ્વચ્છંદમાં મૂઢ થઈ રહે છે. પ્રમાદરૂપી મદિરાથી મસ્ત રહે છે, અને કહે છે કે ' શુદ્ધ ઉપયોગમાં છીએ પણ ગણધરદેવને પણ નિર્વિકલ્પતા વધુ કાળ નથી રહેતી તો તને કયાંથી હોય ? જેમ કોઈ ઘણાં ઘી-સાકર દૂધ વગેરે ગરિષ્ટ પદાર્થ ખાઈને મૂર્છિત આળસુ જડ જેવો થઈ રહે છે તેમ શુષ્કજ્ઞાની જ્ઞાયકની જાગ્રતિ વિના મૂઢતામાં આનંદ માની, સત્ સાધનનો નિષેધ કરી, પ્રમાદમાં મૂઢ થઈ રહે છે, સત્તાસ્વરૂપમાં આવે છે કે જેમ કોઈ સ્ત્રીનો પતિ ઘણાકાળથી પરદેશ ગયો હોય તથા તેના કાંઈ સમાચાર નહિ મળવાથી કોઈ પુરુષની સેવા કરે ને તેનું સન્માન કરે, તેની તન-મન, ધન, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, કષાય દ્વારા સેવા કરે છે, કદી ભાગ્યજોગે તેને સાચો પતિ મળે ને તે અગાઉના પુરુષ કરતાં અધિકપણે ન વર્તે તો તે કુલટા સ્ત્રી છે તેમ સાચા દેવાદિના સંબંધમાં ધર્મીને થવું જોઈએ, નીચલી ભૂમિકામાં શુભ હોય છે પણ તેમાં ધર્મ માને તો નિશ્ચયથી ભ્રષ્ટ છે તે તથા નિશ્ચય વીતરાગ દૃષ્ટિ અને સ્વરૂપસ્થિરતા વિના

કથનમાત્ર નિશ્ચયવાળો પુરુષ પ્રમાદમાં સંતોષ માને છે તે બેઉ નિગોદ વનસ્પતિ થવાના છે.

મિથ્યાત્વ અવસ્થામાં ત્રસ પર્યાયનો વધુમાં વધુ કાળ બે હજાર સાગરનો છે. અજ્ઞાની કદી પુણ્ય કરે તો શાતા વેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ કોડાકોડી સાગરની બાંધે પણ તે ભોગવી શકે નહિ, કારણ કે મિથ્યાત્વનું જોર છે તેથી તે સ્થિતિ તોડી અશુભના બળથી નિગોદમાં જ જશે, ત્યારે સમકિતીને કર્મની સ્થિતિ અંતઃકોડાકોડીથી વધુ બંધાય નહિ. જ્ઞાનીને શુભનો રસ વધુ હોય પણ કર્મની સ્થિતિ જે સંસાર છે તે જ્ઞાનીને લાંબી હોય નહિ, કોઈવાર બાંધે તો પણ તેટલી સ્થિતિ ભોગવશે નહિ પણ સ્વભાવના જોરથી તે કર્મની સ્થિતિ તોડીને મોક્ષમાં જ જશે.

જેને નિશ્ચય-વ્યવહારનું ભાન નથી તે વ્રતાદિને શુભાસ્રવ જાણી, પુણ્યબંધના ભયથી છોડી દે છે ને મુનિપદમાં હોવાયોગ્ય ૨૮ મૂળગુણ વગેરે શુભરાગરૂપ કર્મચેતનાનો એકાંત નિષેધ કરે છે. પુણ્ય જોઈતું નથી એમ કહી વ્યવહાર શુભનું આલંબન છોડી દે છે તથા નિઃકર્મદશારૂપ નિર્મળ જ્ઞાનચેતનાને તો કોઈ રીતે અંગીકાર કરી જ નથી. એ કારણે પરાશ્રયમાં જ સાવધાન છે; અતિશય ચંચળભાવને ધારણ કરે છે, દેહ–સંસાર-ભોગની લાગણી છે, નિશ્ચય-વ્યવહારનો કાંઈ વિવેક નથી. વ્યવહારરત્નત્રયમાં પણ પ્રેમ નથી. તેથી તે પ્રગટ અપ્રગટ પ્રમાદને આધીન છે. મહા અશુભભાવથી ભાવિકાળમાં એકેન્દ્રિયદશા કે જેમાં કર્મફળચેતના મુખ્ય છે તેને પામનાર હોવાથી વનસ્પતિ સમાન જડ છે.

સમયસારમાં કહેલ છે કે અજ્ઞાની શાસ્ત્રો ભણીભણીને પણ પરાશ્રય સંસારની પુષ્ટિ કરે છે. "વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે" વિદ્વાન નામ ધરાવી નિશ્ચય તત્ત્વજ્ઞાનનો સ્વાશ્રય છોડી, પરાશ્રય વ્યવહારનો પક્ષ કરી વર્તે છે. પણ કર્મક્ષયનું વિધાન તો નિશ્ચય પરમાર્થસ્વરૂપ જ્ઞાયકના આશ્રયે જ છે તેને તે જાણતા નથી. અને ભગવાને વ્યવહારનું ફળ તો સંસાર કહેલ છે તેની તેને ખબર નથી. તથા જે નિશ્ચયનું નામ લઈ, શુભપરિણામનો વિવેક છોડી, પ્રમાદમાં જ વર્તે છે, ભૂમિકા અનુસાર વ્યવહાર શું હોય છે તે જાણતા નથી, તે સ્વચ્છંદી થઈ અન્યાય કરી, અભક્ષ્ય સેવન કરી, મહા અશુભભાવ કરી શીઘ્ર નરક નિગોદમાં જશે. સાચા દેવ, ગુરુ, ધર્મ, સાધર્મી પ્રત્યે પ્રેમ, પૂજા, ભક્તિ, અનુમોદના કરતો નથી તે કેવળ પાપ જ બાંધે છે.

જે કોઈ નિશ્ચયની રુચિ અને જ્ઞાન કરતો નથી, નિશ્ચયનો વિષય શું, નિશ્ચયનો વિષય કરનાર કેવો છે—ત્રિકાળ છે કે વર્તમાન છે—તે પણ જાણે નહિ, નિશ્ચયનય તે

શ્રુતજ્ઞાનનો પર્યાય હોવાથી વર્તમાન છે તથા તેનો વિષય ત્રિકાળ છે, તેનું અંતરંગ સાધન ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મસ્વભાવ છે, તેનું ફળ વીતરાગી અવિનાશી શાંતિ છે તેનું ભાન નથી, સાચા દેવાદિનો વિનય, નવતત્ત્વ-છ દ્રવ્યનું જ્ઞાન કરે નહિ, સાચા ગુરુનો વિનય કરવાની પાત્રતા લાવે નહિ ને કહે કે આત્માનો ગુણ છે, અંદરથી જ્ઞાન થઈ જશે પણ સાચા જ્ઞાનમાં કોણ જ્ઞાની નિમિત્તરૂપ હતા તેનો વિવેક નથી તો તે મૂઢ છે. સ્વ-પરપ્રકાશક સમ્યગ્જ્ઞાન થાય તો સત્‌નું સત્ નિમિત્ત કોણ હોય તે જાણે જ ને સ્વસન્મુખ વીતરાગી દૃષ્ટિની મુખ્યતા હોય જ. એ રીતે નિશ્ચય-વ્યવહારની સંધિ હોય, તેને મોક્ષમાર્ગ હોય. [ ક્રમશઃ ]

## 卐 જિનાગમની આરાધના કરો 卐

* હે જીવ! જિનેન્દ્ર ભગવાનની વાણીનો રાત-દિવસ નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. કેવી છે જિનવાણી? પ્રમાણ અને નયને અનુકૂળ જીવાદિ પદાર્થોનું વર્ણન કરે છે માટે નિપુણ છે. વળી પ્રમાણ-નય-નિક્ષેપ નિરુક્તિ અનુયોગ આદિ ભેદો વડે જીવાદિ પદાર્થોનું વિસ્તારથી વર્ણન કરે છે માટે વિપુલ છે. વળી પૂર્વાપર વિરોધ આદિક દોષથી રહિત છે માટે શુદ્ધ છે. વળી તે જે અર્થને બતાવે છે તે કોઈ પણ પ્રકારે ફરી શકતો નહિ હોવાથી અત્યંત દૃઢપણાને કારણે નિકાચિત છે. વળી જિનવાણીથી અન્ય ઉત્કૃષ્ટ ત્રણલોકમાં કોઈ નથી માટે અનુત્તર છે. વળી સર્વ જીવોને હિતરૂપ છે, કોઈની અહિતકર નથી માટે સર્વહિત છે. વળી દ્રવ્યમળ જે જ્ઞાનાવરણાદિક અને ભાવમળ જે રાગાદિક તથા ક્રોધાદિક તેનો નાશ કરે છે માટે કલુષહર છે. એવી જિનવાણી જ નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. જિનવાણી વિના જીવને કોઈ શરણ નથી માટે સર્વ પ્રકારે હિતરૂપ જાણી મનુષ્યજન્મ જિનાગમની આરાધના વડે સફલ કરો.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૩૦૬ )

## જ્ઞા....ન....ગો....ષ્ઠી

(પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો)

પ્રશ્ન :—આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય ?

ઉત્તર :—જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય.

પ્રશ્ન :—આત્મસ્વભાવ સુખનો સાગર છે તો વર્તમાનમાં એ સુખનો એક અંશ પણ કેમ આવતો નથી ?

ઉત્તર :—આત્મા સુખનો સાગર હોવા છતાં તેણે રાગની આડ મારી છે, રાગમાં એકતાબુદ્ધિના તાળા માર્યા છે. તેથી સ્વભાવમાંથી સુખનો અંશ આવતો નથી. રાગની એકતાબુદ્ધિના તાળા તોડી રાગથી ભેદજ્ઞાન કરે તો સ્વભાવમાંથી સુખનો અંશ પ્રગટે.

* અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો ! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો તે તરતો જ છે જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાય ભાવો-વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે, જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે, પર જાત છે, પરજ્ઞેય છે, સ્વજાત-સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

પ્રશ્ન :—ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી ?

ઉત્તર :—આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો ! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ.

* જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ છે તેને શુભરાગ આવે છે, પણ તેને રાગની વિરક્તિનો વૈરાગ્ય હોય છે અને આત્માના અસ્તિ તરફનો શાંત ઉપશમ રસ હોય છે. રાગ હોવા છતાં રાગથી અંશે છૂટો પડ્યો છે એટલો ઉપશમ રસ છે. જેને આત્માની ખરી રુચિ નથી તેના શુભ ભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે. પોતાના સ્વભાવનું આશ્ચર્ય ને મહિમા ન આવે ને બીજા પદાર્થોનું આશ્ચર્ય ને મહિમા આવે છે તેના શુભભાવો લૂખા ને ચંચળતાવાળા હોય છે.

* અરે ભાઈ! તું ક્યાં રોકાઈ ગયો? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ ક્યાંથી થાય? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ! તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહિ ને બહાર ને બહારમાં ક્યાં રોકાઈ ગયો? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈ ને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓલંભો આપી કરુણાથી અંદર બોલાવે છે.

* ભાઈ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો-ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે, બહારમાં ક્યાંય સુખ નથી. અરે! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે! દિકરા! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવા લાગે છે. તેમ ભાઈ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે.

આત્માને જાણ્યા વિના વ્રત-તપ-ત્યાગ આદિ કરે તોપણ તે વર્તમાનમાં મિથ્યાત્વ ભાવથી દુઃખી છે. વ્રતાદિના શુભરાગથી ભિન્ન આત્મા પરમાનંદ સ્વરૂપ છે. તેના ભાન વિના ગમે તેટલા ક્રિયાકાંડ કરે તોપણ રણમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. આ વાત સત્યની સત્યતાના ઉદ્‌ઘાટન માટે કહેવાય છે. સત્યની પ્રસિદ્ધિ માટે કહેવાય છે, કોઈ વ્યક્તિના અનાદર માટે કે નિંદા માટે કહેવાતી નથી, પણ સત્યના પ્રકાશ માટે કહેવાય છે. બધાં જીવો શક્તિ સ્વભાવે તો ભગવાન સ્વરૂપે જ છે પણ એનો સ્વીકાર કરે ત્યારે એના કલ્યાણની શરૂઆત થશે. આ વસ્તુસ્વરૂપ તો અંદરથી આવેલ પરમ સત્ય છે. તેને કલાક બે ચાર આઠ કલાક શાંતિથી અને મધ્યસ્થતાથી સાંભળે તો સત્ય લાગ્યા વિના રહે નહિ-એવી તેના ઘરની વાત છે.

* બિહારમાં એક લગ્ન મંડપમાં વર-વધુ લગ્ન-વિધિમાં મંત્ર જપતા હતા ને એકદમ વરને હાર્ટ ફેઈલ થતાં દેહ છૂટી ગયો. આહાહા! એ કુટુંબ ભેગું થયું હશે ને લગ્નનો કેટલો હરખ...હરખ....ચાલતો હશે! ને ક્ષણમાં વરનો દેહ છૂટતાં હાહાકાર થઈ ગયો! આહાહા! ક્ષણભંગુર દેહનો શો ભરોંસો?

—*—

[તા. ૫-૨-૯૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી નિયમસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર નાટક' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન.

* સીમંધર-જિનમંદિરનો વાર્ષિક અષ્ટાહ્નિકા-પ્રતિષ્ઠોત્સવઃ—વિ. સં. ૧૯૯૭માં પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી-દિગમ્બર જિનમંદિરની પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે વાર્ષિક અષ્ટાહ્નિક-ઉત્સવ મહા વદ-૧૦, શુક્રવાર તા. ૨૪-૨-૯૫ થી ફાગણ સુદ-૨ શુક્રવાર, તા. ૩-૩-૯૫—આઠ દિવસ સુધી 'શ્રી સીમંધરાદિ-વિંશતિ-વિહરમાન-જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

* સમ્યક્ત્વજયંતી-પત્રિકા લેખનવિધિઃ—નિર્મલ સમ્યક્ત્વ અને સ્વાનુભવ-વિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૩મી સમ્યક્ત્વજયંતીની નિમંત્રણ પત્રિકાની શુભ લેખનની મંગલવિધિ સુવર્ણપુરીમાં તા. ૨૬-૨-૯૫, રવિવારે રાખવામાં આવી છે. આ શુભાવસરે સમ્યક્ત્વપ્રેમી મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

* પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવઃ—સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીના અતિ મનોજ્ઞ પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો અગિયારમો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ

ફાગણ સુદ-૩, શનિવાર, તા. ૪-૩-૯૫ થી ફાગણ સુદ-૭, બુધવાર, તા. ૮-૩-૯૫ સુધી શ્રી 'પંચકલ્યાણકપૂજાવિધાન', નન્દીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

* નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ:—ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૯-૩-૯૫થી તા. ૧૬-૩-૯૫ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી 'પંચમેરુ નંદીશ્વરપૂજા-વિધાન', તેમ જ જિનેદ્રભક્તિ અને અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વકઉજવવામાં આવશે.

* પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ:—ફાગણ સુદ-૧૩, બુધવાર, તા. ૧૫-૩-૯૫ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરની ૨૧મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

—૦—

## વૈરાગ્ય સમાચાર:—

* બરવાળા(ઘેલાશા)નિવાસી (હાલ મુંબઈ) શ્રી શાંતિલાલ જેઠાલાલ દોશી (વર્ષ-૮૦) તા. ૪-૧૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિદિશાનિવાસી શ્રી ગોવિંદજી નરશીભાઈ (વર્ષ-૮૨) (તે બ્ર. સુશીલાબેન કચ્છી)ના માસા તા. ૧૭-૧૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લંડનનિવાસી હાલ મોશી (આફ્રિકા) શ્રી શાંતિલાલ વીરજી માલદે (વર્ષ-૬૭) તા. ૨૦-૧૨-૯૪ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. નાની ઉંમરથી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમથી તત્ત્વનો અભ્યાસ હતો, તે લંડનમાં પણ ચાલુ હતો.

* ચુડાનિવાસી (હાલ કાંદીવલી) શ્રી ચંદુલાલ મગનલાલ ખંધાર (વર્ષ-૭૦) તા. ૩૧-૧૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી હર્ષદભાઈ સુંદરજી શાહ (વર્ષ-૫૨) તા. ૧૩-૧-૯૫ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

* બરવાળા (ઘેલાશા)નિવાસી (હાલ સુરત) શ્રી શાંતિલાલ ભાઈલાલ ડેલીવાળા (વર્ષ-૭૫) તા. ૨૦-૧-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી (હાલ મુંબઈ) શ્રી ચીમનલાલ વીકમચંદ સંઘવી (વર્ષ-૮૦) તા. ૨૨-૧-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઇન્દોરનિવાસી શ્રી જીતેન્દ્રભાઈ જયંતીભાઈ ગોડા (વર્ષ-૪૦) કીડનીની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* અબ મૈંને ઉસ ઇષ્ટ પ્રિય વસ્તુકો દેખ લિયા હૈ જિસકે લિયે મેરા ઉદ્દેશ્ય થા, જિસકે લિયે મેરી ચાહ થી, અર્થાત્ મૈં શુદ્ધ સ્વરૂપકા અનુભવ ચાહતા થા સો મુજે સમ્યગ્દર્શનકે લાભસે શુદ્ધાત્માકા દર્શન યા અનુભવ હો ગયા હૈ. આત્માકા દર્શન હોતે હી માનો મેરે પ્રગટ સર્વ બંધન વિલા ગયે હૈં. અર્થાત્ મૈંને શરીર વ કર્મોકે બંધનોકો પર અનુભવ કિયા હૈ, નિશ્ચયનયસે મુજે મેરેમેં યહ બંધન દિખતે હી નહિ, મૈં અપનેકો બંધનમુક્ત અનુભવ કર રહા હૂં. અનંત ગુણધારી આત્માકી રુચિ હોનેસે હી દર્શનમોહનીયકર્મકા અંધકાર દૂર હો ગયા હૈ. ૪૧૧.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૯૭ )

* મોક્ષાભિલાષીઓ માટે ચૈતન્યસ્વરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે, આત્માથી અન્ય કોઈ પણ મોક્ષમાર્ગ નથી તથા આનંદ પણ આત્મામાં જ છે પરંતુ તેના સિવાય અન્ય ક્યાંય પણ આનંદની પ્રતીતિ થતી નથી, માટે ભવ્ય જીવોએ તેનું ધ્યાન કરવું જોઈએ. ૪૧૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૪૬ )

* જો શુદ્ધ આત્માકો અશુચિ શરીરસે ભિન્ન સમજતા હૈ, વહ શાશ્વત સુખમેં લીન હોકર સમસ્ત શાસ્ત્રોંકો જાનતા હૈ. ૪૧૩.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૯૫ )

* પર-અવલંબન દુઃખ છે, સ્વ-અવલંબન સુખરૂપ છે, આ પ્રગટ લક્ષણને ઓળખીને સુખના ભંડારરૂપ પોતાને અવલંબવું. ૪૧૪.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૬૨ )

* વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—માટે દ્રવ્ય-પિંડરૂપ અથવા જીવ સંબંધી ભાવપરિણમનરૂપ જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધાં સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે—સમસ્ત વિકલ્પોથી રહિત ચૈતન્યના સમૂહરૂપ ઉદ્યોતનો સમુદ્ર હું છું. ૪૧૫.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૩૦ )

## 卐 તું વિશ્વાસ કર 卐

ભાઈ તું શાંત થા! ધીરો થા! તારી પ્રભુતા પ્રભુ! તારી પાસે જ છે અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છો. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં આ વાત ફરમાવતાં હતાં. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો તું વિશ્વાસ કર! પ્રતીતિ લાવ!

—પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A १४२६ श्री धीरजलाल पी. देसाई प्रोफेसर
लोकभारती, पी. ओ. ओफिस,
वाया–सोनगढ सणोसरा–३६४२३० (सौ.)